# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-12-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# VCE COMMISSION

ગ્રામ કમ્પ્યુટર સાહસિક એટલે કે VCEને રાજ્ય સરકારના વિભાગો દ્વારા સોંપવામાં આવતી કામગીરી માટે યુનિટ દિઠ લઘુત્તમ 20 રૂપિયા ચૂકવાશે. રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા VCE ને વિવિધ યોજનાઓની ડેટાએન્ટ્રી સંબંધિત કામગીરી સોંપવામાં આવતી હોય છે. આ માટે દરેક કામગીરીમાં તેમને યુનિટદીઠ કમિશન પેટે ચુકવવાની થતી રકમ સબંધિત વિભાગ દ્વારા નિયત કરવામાં આવે છે. મહેનતાણાની રકમ અલગ અલગ ધોરણે કરાતી હોવાથી મહેનતાણામાં સમાનતા જળવાતી નથી. ત્યારે મુખ્યમંત્રીના દિશાનિર્દેશોને પગલે પંચાયત વિભાગે વી.સી.ઇ.ને યુનિટ દિઠ ઓછામાં ઓછા 20 રૂપિયાનું મહેનતાણું ચૂકવવા રાજ્ય સરકારના વિભાગોને જણાવ્યું છે.

. . . . . . . . . . . . .

# MANDVIYA BHAVNAGAR

કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ આજે ભાવનગરના પાલીતાણા તાલુકા પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કર્યું. પાંચ કરોડના ખર્ચે નિર્માણ પામનાર આ ભવન તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત પ્રમુખ, ગ્રામ વિકાસની ઓફિસ, મિટિંગ હોલ, કોન્ફરન્સ રૂમ, વાહન પાર્કિંગની સુવિધા સાથે અત્યાધુનિક સુવિધા સજ્જ હશે. આ તાલુકા પંચાયત ભવનનું નિર્માણ થવાથી લોકોના કામકાજ વધુ સરળતાથી થશે.

. . . . . . . . . . . . . .

# VALSAD BRIDGE

વલસાડમાં નિર્માણાધીન બ્રિજનું માળખું તૂટી પડતાં પાંચ શ્રમિકો ઇજાગ્રસ્ત થયા છે. શહેરના કૈલાશ માર્ગ પર બ્રિજના નવ નિર્માણની કામગીરી દરમિયાન બાંધેલી પાલણ તૂટી જતાં પાંચ શ્રમિક આ દુર્ઘટનાનો ભોગ બન્યા હતા. તેઓને ગંભીર ઇજાઓ પહોંચતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાને પગલે ફાયર વિભાગ અને પોલીસની ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી. આ અંગે જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું, ઘટના અંગે વિગતવાર તપાસ હાથ ધરાશે.

(બાઇટ : યુવરાજસિંહ જાડેજા, SP)

. . . . . . . . . . . . . .

# DAMAN ACCIDENT

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં તળાવમાં ડૂબી જતા ત્રણ બાળકોના મોત થયા છે. અમારાં પ્રતિનિધિ જણાવે છે, સાત બાળકો એન્ટિઆવાડમાં હિંગરાજ માતા મંદિર નજીકના તળાવ પાસે રમવા ગયા હતા. જ્યાં ચાર બાળકો પાણીમાં ઉતર્યા અને અચાનક ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા. ત્યારે એક બાળકને રાહદારીએ બચાવી લીધો હતો. જ્યારે અન્ય બાળકોને

શોધવા અગ્નિ શમન દળની ટીમે બચાવ કામગીરી શરૂ કરી. શોધખોળ દરમિયાન, ત્રણ બાળકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. આમાંથી બે બાળકો એક જ પરિવારના હતા.

. . . . . . . . . . . . .

# BHARUCH ACCIDENT

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર-વાલિયા માર્ગ બાઈક અને રીક્ષા વચ્ચે અકસ્માત બાદ આગ લાગતાં એક મહિલાનું મોત થયાના અહેવાલ છે. અમારાં પ્રતિનિધિ જણાવે છે, ઘટનામાં અન્ય 4 લોકો દાઝી જતા સારવાર અર્થે ખસેડાયા છે. ઘટનાને પગલે અગ્નિશમન દળની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો. ઘટના અંગે પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . .

# MAHISAGAR MADAK PADARTH

મહીસાગર જિલ્લાના બાલાસિનોરમાંથી 2 કરોડ રૂપિયાથી વધુની કિંમતનો માદક પદાર્થનું વાવેતર ઝડપાયું છે. અમારાં પ્રતિનિધિ જણાવે છે વડદલા રત્નાજીના મુવાડા ગામમાં પોલીસ બાતમીને આધારે તપાસ કરતા 2 કરોડ 37 લાખ રૂપિયાથી વધુની કિંમતના માદક પદાર્થના કુલ

258 છોડ મળી આવ્યા હતા. આ અંગે પોલીસે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . .

## JAMNAGAR ITRA

જામનગરમાં આયુષ મંત્રાલયના સહયોગથી કાર્યરત આયુર્વેદ શિક્ષણ અને સંશોધન સંસ્થા- ઈટરાના નિયામક તનુજા નેસરીએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે આગામી 17 ડિસેમ્બરથી 19 ડિસેમ્બરના ભારત મંડપમ ખાતે યોજાનાર વૈશ્વિક સંમેલન અંગે માહિતી આપી. તેમણે જણાવ્યું હતું કે આ સંમેલનનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે થશે, જેમાં 115 દેશના 700 થી વધુ પ્રતિનિધિ ભાગ લેશે અને 35થી વધુ મેડીસીન પર ચર્ચા થશે તેના પેપર રજૂ થશે.

(બાઈટ : તનુજા નેસરી ( ડાયરેકટર ઇટરા)

. . . . . . . . . . . . .

## SURENDRANAGAR CHECKING

પર્યાવરણ સંરક્ષણ અને શહેરને પ્લાસ્ટિક-મુક્ત બનાવવાના હેતુથી સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં વ્યાપક ચકાસણી હાથ ધરવામાં આવી. મહાનગરપાલિકાની ટીમોએ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો

ઉપયોગ કરતા તેમજ ગંદકી ફેલાવતા દુકાનદારો અને વેપારીઓ સામે કડક કાર્યવાહી કરી હતી. જે અન્વયે ગેબનશાહ પીર પાસે ગણેશ પ્લાસ્ટિકમાંથી અંદાજે 5 હજાર કિલોથી વધુ પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો અંદાજે ૩ થી ૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

. . . . . . . . . . . . . .